# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-02-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## ધોરણ 10 અને 12ની પરીક્ષા:

ગુજરાતમાં આવતીકાલ તા. 27 ફેબ્રુઆરી ગુરૂવારથી શરૂ થતી ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડની પરીક્ષાઓ માટે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ તમામ વિધાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યમાં કુલ 14 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેમાં એસ.એસ.સી.ના 9 લાખથી વધુ, એચ.એસ.સી.ના 4 લાખથી વધુ અને એચ.એસ.સી. સાયન્સ પ્રવાહના 1 લાખથી વધુ વિધાર્થીઓ સામેલ છે.

મંત્રીશ્રીએ વિધાર્થીઓને સંદેશ આપતાં જણાવ્યું કે પરીક્ષાને ટેન્શન તરીકે નહીં, પણ એક ઉત્સવ તરીકે ઉજવવો જોઈએ. જો કોઈ વિદ્યાર્થી કોઈ એક પેપરમાં સારું પ્રદર્શન ન કરી શકે, તો તેને હતાશ થવાની જરૂર નથી. મહેનત અને ધીરજથી ભવિષ્યમાં ઉજ્જવળ સફળતા હાંસલ કરી શકાય છે.

રાજ્ય સરકાર દ્વારા પરીક્ષાઓનું પારદર્શક સંચાલન સુનિશ્ચિત કરવા માટે વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ ટેકનોલોજીની મદદથી તમામ પરીક્ષા કેન્દ્રો પર કડક મોનિટરિંગ રાખવામાં આવશે. મુખ્ય કેન્દ્રથી પેપરના વહન સહિતની તમામ વ્યવસ્થાઓ માટે કંટ્રોલ રૂમમાં સતત નજર રાખવામાં આવશે.

ઉપરાંત, કોઈ પણ વિદ્યાર્થીને કોઈ તકલીફ પડે તો પોલીસ વિભાગ અને અન્ય શાસકીય એજન્સીઓ મદદ માટે હંમેશા તૈયાર રહેશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૂચનાથી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિધાર્થીઓ માટે વિનામૂલ્યે બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી તેઓ સરળતાથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકે.

મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી, સાથે જ, માતા-પિતાને વિનંતી કરી કે, પરીક્ષાના દિવસોમાં ઘરમાં શાંતિપૂર્ણ અને પ્રોત્સાહક વાતાવરણ જળવાય, જેથી વિદ્યાર્થીઓ નિર્ભય બની પરીક્ષા આપી શકે.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ-ભુજ:

ગુજરાતની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ  આગામી 28મીએ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ સફેદ રણની ટેન્ટ સિટીમાં રાત્રિ રોકાણ કરશે. જ્યારે એક માર્ચે રાષ્ટ્રપતિ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે. તેઓ સફેદ રણથી ધોળાવીરા જતા 'રોડ ટુ હેવન' તરીકે જાણીતા માર્ગને પણ નિહાળશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રથમવાર કચ્છના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમના આગમન માટે તંત્રના જુદા જુદા વિભાગો દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શનમાં પ્રવાસની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે.

---------------------------------------------------------------------------------------

## મહાશિવરાત્રીની ઉજવણી :

મહાશિવરાત્રિના પાવન પર્વે કચ્છના ભુજમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમસ્ત સનાતન હિન્દૂ સમાજ દ્વારા શહેરમાં વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં 20થી વધુ શુશોભિત કૃતિઓ સામેલ કરવામાં આવી હતી.

શોભાયાત્રામાં 25 ફૂટની શંકર ભગવાનની મૂર્તિ અને 5 ફૂટના શિવલિંગનું આકર્ષક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મહાકુંભ મેળાની ઝાંખી કરાવતો ફ્લોટ તથા રામ મંદિર અયોધ્યા દર્શાવતો ફ્લોટ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

સાંસદ વિનોદ ચાવડાના હસ્તે શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રા પારેશ્વર ચોકથી શરૂ થઈને જ્યુબિલી સર્કલ અને વિડી હાઈસ્કૂલ થઈને મહાદેવ ગેટ ખાતે સમાપન પામી હતી.

આ શોભાયાત્રામાં નાસિક ઢોલ, કચ્છી ઢોલ, ઓરકેસ્ટ્રા, ડીજે, બેન્ડ બાજા અને લાઈવ ભજનોથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. સ્થાનિક શ્રદ્ધાળુઓ ઉપરાંત વિદેશી મહેમાનો પણ શિવભક્તિ નિહાળવા પધાર્યા હતા. આજે રાત્રે દરેક શિવમંદિરોમાં  ચાર પ્રહરની પુજા ભક્તો દ્વારા કરવામાં આવશે.

---

## અવસાન-અનિલ જોષી:

ગુજરાતી ભાષાના જાણીતા કવિ અને સાહિત્યકાર અનિલ જોશીનું આજે મુંબઈ ખાતે અવસાન થયું છે. તેમની વય 85ની હતી. તેમનો જન્મ ગોંડલમાં થયો હતો.  ગોંડલ અને મોરબી માં પ્રારંભિક  શિક્ષણ અને  અમદાવાદમાં કોલેજ શિક્ષણ લીધું હતું.

---

## ગૌતમ જોષીને-એવોર્ડ:

કચ્છી ભાષાના સમર્થ સર્જક દુલેરાય  કારાની આજે જન્મ જયંતિ અને પુણ્યતિથી નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભુજ ખાતે આજે એક સમારોહમાં સાહિત્યકાર ગૌતમ જોશીને ચાલુ વર્ષ માટેનો   કારાંની એવોર્ડ એનાયત થયો હતો. આવો એવોર્ડ અગાઉ જયંતિ જોશી “શબાબ”,  મદન કુમાર અંજારિયા “ખ્વાબ” અને પદ્મ શ્રી નારાયણ જોશી “કરાયાલ”ને  એનાયત થયો છે. સાંસદ સભ્ય વિનોદ ચાવડાને હસ્તે આ એવોર્ડ એનાયત થયો હતો.  આ અગાઉ દુલેરાયભાઈની જન્મભૂમી મુંદ્રા ખાતે ગઈ સાંજે સાંસ્કૃતિક સમારોહ યોજાયો હતો.

---